CITY pulse

ગુજરાતમિત્ર

email: citypulse@gujaratmitra.in

શુક્રવાર ૨ ઓક્ટોબર, ૨૦૨૬

સુરતીઓ ઝીંદાદિલીથી ઝીંદગી જીવવામાં માનનારી પ્રજા છે. તેઓ દરેક ઉત્સવ અને પોતાની બર્થડેનું કે મેરેજ એનિવર્સરીનું સેલિબ્રેશન કરવામાં કોઈ બાંધછોડ નથી કરતા. ઉત્સવો ઉજવવામાં તેમનો ઉત્સાહ જોવા જેવો હોય છે. તેઓ એકલા જ ઉત્સવોની મજા માણે છે એવું નથી પણ તેમની આસપાસના વ્યક્તિઓને પણ તેઓ પોતાની ઉજવણીમાં ભાગીદાર બનાવે છે પછી તે બર્થડે હોય કે ફેસ્ટિવલ્સ હોય. હવે બર્થડેના સેલિબ્રેશનનો નવો ટ્રેન્ડ આવ્યો છે.બર્થડેની ઉજવણી ઘર, રેસ્ટોરન્ટ કે પાર્ટી હોલ પૂરતી સીમિત નથી રહી. બર્થડેના સેલિબ્રેશન થકી મેમરી ક્રિએટ કરવાનું સુરતીઓ પસંદ કરવા લાગ્યા છે. મેમરી ક્રિએટ કરવા સારા લોકેશન શોધી કાઢી ત્યાં બર્થડેનું સેલિબ્રેશન કેક કટિંગ, ફોટો શૂટ, વિ. એક્ટિવિટીઝ કરાય છે, જેને ડેસ્ટિનેશન બર્થડે કહેવાય છે. ડેસ્ટિનેશન બર્થડેનો ટ્રેન્ડ હવે ખાસ્સો વધ્યો છે. આ ટ્રેન્ડનો ઉદ્દેશ્ય માત્ર પાર્ટી કરવાનો નથી પણ બર્થડેને એક યાદગાર અનુભવ બનાવવાનો છે. આમ બર્થડે પાર્ટીમાં મિત્રોને આપણે થોડા કલાકો મળી એક્ટિવિટીઝ કરીને કે સાથે જમીને છુટા પડતા હોઈએ છીએ પણ ડેસ્ટિનેશન બર્થડેમાં તો મિત્રો સાથે ટ્રાવેલિંગ કરીને સિટી કે કન્ટ્રી બહાર જઈ બર્થડેનું લેવિશ સેલિબ્રેશન કરાતું હોય છે. આવી ડેસ્ટિનેશન બર્થડે પાર્ટી સુરતીઓ કેમ કરવા લાગ્યા છે, ફ્રેન્ડ્સ ગ્રુપને લઈ જવાનો અને પાછા ફરવાનો ખર્ચ શું જેની બર્થડે હોય તે જ ઉઠાવે છે, આવી બર્થડે પાર્ટી કયા લોકેશન વધારે પસંદ કરાતા હોય છે અને એમાં શું શું મિત્રોને એન્ટરટેન કરવા શું અરેન્જમેન્ટસ કરાય છે તે આપણે અહીં જાણીએ...



LifeStyle Trends

# ડેસ્ટિનેશન બર્થ-ડે બેશ...

## એલીટ સુરતીઓની ખાસ ફ્રેંડ્સ સાથે વૈભવી ઉજાણી

### વાઈફની બર્થડે થાઈલેન્ડમાં 12 ફ્રેન્ડ્સ સાથે સેલિબ્રેટ કરી

એમ્બ્રોલોજિસ્ટ ડૉ. પ્રભાકર સિંહે જણાવ્યું કે મારી વાઈફ ગાયનેકોલોજિસ્ટ ડૉ. પૂજાની 40મી બર્થડે અમે થાઈલેન્ડમાં 12 મિત્રો સાથે સેલિબ્રેટ કરી હતી. 12 ફ્રેન્ડ્સ કપલને થાઈલેન્ડ લઈ જવા માટે ફલાઈટનો ખર્ચો અમે કર્યો હતો. ત્યાં ત્રણ દિવસ માટે વીલા બુક કર્યો હતો. બર્થડેના દિવસે કેક કટિંગ સેરેમની અને પૂલ પાર્ટીનો પ્રોગ્રામ રાખ્યો હતો. ડેસ્ટિનેશન બર્થડે સેલિબ્રેશન કરી મિત્રો સાથે સારી મેમરી ક્રિએટ કરી. બધાએ જ ત્રણ દિવસ એમના કામ ધંધાથી અલગ રહી રિલેક્સ્ડ ફિલ કર્યું. ડેસ્ટિનેશન પાર્ટી કેમ કરી એના જવાબમાં પ્રભાકરભાઈનું કહેવું છે કે સુરતમાં બર્થડે પાર્ટી માટે સારું વેન્યુ નથી, જ્યાં 15-20 મિત્રો એન્જોય કરી શકે. બીજું કારણ આ રિતની ડેસ્ટિનેશન બર્થડે પાર્ટીથી ટુરિઝમ પણ થઈ જાય છે અને બીજી મનગમતી એક્ટિવિટીઝ ફ્રેન્ડ્સ સાથે મળીને કરી શકે છે. ત્રીજું કારણ સુરતમાં મ્યુઝીક ક્લબ નથી એટલે એના માટે બહાર જ જવું પડે. થાઈલેન્ડની ડેસ્ટિનેશન બર્થડે પાર્ટી માટે મને ઘણો મોટો ખર્ચ થયો હતો. અમે ગોવામાં પણ પૂજાની ડેસ્ટિનેશન બર્થડે પાર્ટી આ જ રીતે કરી હતી. ખર્ચ કરતા બધા મિત્રો સાથે મળીને મેમરી ક્રિએટ કરે છે એ સૌથી મહત્ત્વનું હોય છે.



### મેમરી રિકૉલ કરવા માટે બર્થડેનું મુંબઈ અને દિલ્હીમાં ભવ્ય સેલિબ્રેશન



આર્કિટેક્ટ કપલ કરિશ્મા દેસાઈ અને શિવરાવ બંનેની ડેસ્ટિનેશન બર્થડે પાર્ટી થઈ હતી. કરિશ્માબેને જણાવ્યું કે, મારા હસબન્ડ હંમેશા તેમની મુંબઈની મેમરીઝ શેર કરતા હોય મેં મુંબઈ મરીન ડ્રાઈવની હોટલ એમ્બેસેડરમાં બે દિવસના સ્ટે સાથે સરપ્રાઈઝ પાર્ટી રાખી હતી. અમારા 10થી 12 ક્લોઝ ફ્રેન્ડ્સ એક પછી એક મુંબઈ પહોંચ્યા. હસબન્ડને હોટલ તાજમાં ડીનર પર બધા ફ્રેન્ડ્સ મળ્યા ત્યારે હસબન્ડને સરપ્રાઈઝ પાર્ટી હોસ્ટ કરવામાં આવી હોવાનો ખ્યાલ આવ્યો. દરિયામાં પ્રોપ્સથી ડેકોરેટ કરેલી યોટ બુક કરી સનડાઉન પાર્ટીની મજા માણી. પછી પ્લેબોય કલબમાં ગયા હતા. અમારા ફ્રેન્ડ્સ દિલ્હી, ભોપાલ, હરિદ્વાર, નાગપુરથી અને કેટલાંક સુરતથી આવ્યાં હતાં. બીજા દિવસે ઓલ્ડ મુંબઈ સિટીમાં વૉક કરીને ફર્યા. મારી 40મી ડેસ્ટિનેશન બર્થડે મેં જાતે જ દિલ્હીમાં કરી હતી કેમકે, મારી ઘણી યાદો દિલ્હી સાથે જોડાયેલી છે. દિલ્હીમાં મિસ્ટ્રી રૂમ્સમાં કોયડા ઉકેલવાની ગેમ રમ્યા હતા. હિસ્ટોરીકલ પ્લેસ હોઝ ખાસ ફોર્ટની વિઝિટ લીધી હતી. એવું કહેવાય છે ને કે 'નોટી એટ ફોર્ટી' ત્યારે અમને પણ 40મી બર્થડેનું સેલિબ્રેશન આ રીતે કરવું હતું. અમે જે શહેરોમાં રહ્યા ત્યાં જઈને અમે અમારી મેમરીઝ રિકૉલ કરી હતી અને મિત્રોને અમારા એ દિવસોનો એક્સપિરિયન્સ આ રીતે કરાવ્યો હતો.







### જયપુરમાં ટ્રાઈબલ થીમ પર ડેસ્ટિનેશન પાર્ટી

સુરભી શાહનો જન્મ અને ઉછેર જયપુરમાં થયો હતો એટલે તેમની ઈચ્છા હતી કે 40મી બર્થડે જયપુરમાં ફ્રેન્ડ્સ સાથે સેલિબ્રેટ કરીએ. તેમણે જણાવ્યું કે, મારો જન્મદિવસ 14મી ફેબ્રુઆરી અને મારા હસબન્ડ રોનક શાહની બર્થડે 28મી મેના રોજ હોય બંનેની ડેસ્ટિનેશન બર્થડે પાર્ટી કરી હતી. 30 કપલ માટે જયપુરની નિર્બાણા પેલેસ 30 રૂમની હેરિટેજ હોટલ બે દિવસ માટે આખી બુક કરી હતી. ચાર જેટલી ઈવેન્ટ્સ ત્યાં કરી હતી. આ તમામ વ્યવસ્થા અમારા તરફથી હતી. દિવસે મમ્મીના ઘરે ટ્રેડિશનલ સ્ટાઈલમાં મિત્રોને દાળ-બાટી, ચૂરમાંનું રાજસ્થાની લંચ હતું. ઢોલવાળાને બોલાવ્યા હતા. પછી રાત્રે હોટલ પર ટ્રાઈબલ થીમ પર પાર્ટી કરી હતી. બધાએ એનિમલ પ્રિન્ટના ડ્રેસ પહેર્યા હતા. અમૂકે ફેસ પર ટ્રાઈબલ પેઈન્ટ કરાવ્યું હતું. મેં ટાઈગર પ્રિન્ટનો ડ્રેસ પહેર્યો હતો. સવારે પુલ પાર્ટી હતી એમાં જગલિંગ કરનારને મનોરંજન માટે બોલાવ્યા હતા. ફાયર શો રાખવામાં આવ્યો હતો. ફેબ્રુઆરીની રાજસ્થાનની કડકડતી ઠંડીમાં પણ ફ્રેન્ડ્સે સ્વિમિંગ પુલનો આનંદ લીધો હતો. પછી સાંજે અમે વન્સ અપોન અ ટાઈમ ઓફ બાઘ વેન્યુ કે જે અરવલ્લી હિલ્સની વચ્ચે છે ત્યાં સરસ મજાનો ટાઈમ વિતાવ્યો હતો. થીમ પ્રમાણે મશાલ અને લાલટેનનું ડેકોરેશન હતું. ત્યાં બાવડી (વાવ) છે તેને પણ સરસ રીતે ડેકોરેટ કરી હતી અને સૂફી ટાઈપનું મ્યુઝીક બધાએ ખૂબ એન્જોય કર્યું. ત્યાર બાદ ફરી હોટલ પર આવી ત્યાં કસ્ટમાઈઝ્ડ સેન્ડવીચ અને ફૂડ એન્જોય કરવાની એક ઈવેન્ટ કરી હતી. મારા હસબન્ડ રોનક શાહની 46મી બર્થડે આ રીતે જ ઉદેપુરમાં 24 રૂમની આખી હોટલ બુક કરાવી સેલિબ્રેટ કરી હતી. ત્યાં પણ ત્રણથી ચાર ઈવેન્ટ આયોજિત કરી હતી. મિત્રો સાથે સારો ક્વોલિટી ટાઈમ વિતાવી શકાય, રિલેક્સ થઇ શકાય એ ઉદ્દેશ્યથી ડેસ્ટિનેશન બર્થડેનું સેલિબ્રેશન કર્યું હતું.

### દમણમાં વીલા બુક કરી રિસોર્ટમાં બર્થડે સેલિબ્રેશન કર્યું

હેતાબેન ઝવેરીએ હાલમાં જ 15મી સપ્ટેમ્બરે ડેસ્ટિનેશન બર્થડે દમણમાં સેલિબ્રેટ કરી હતી. તેમણે જણાવ્યું કે, સુરતમાં જ બર્થડે સેલિબ્રેટ કરીએ તો કોઈ એક ફ્રેન્ડ લેટ આવે કોઈ ફ્રેન્ડને ઘરે જલ્દી જવું હોય એટલે મને થયું કે કમસે કમ એક દિવસ તો બધા ફ્રેન્ડ્સ સાથે રહીને એન્જોય કરી શકીએ એટલે મેં દમણમાં બે દિવસ માટે એક આખો વિલા બુક કરાવી બર્થડે સેલિબ્રેશનનું પ્લાનિંગ કર્યું હતું. અમે 15 જણ દમણ ગયા હતા. ત્યાં એક રિસોર્ટમાં બર્થડે સેલિબ્રેશન કર્યું જ્યાં મ્યુઝીકનું અરેન્જમેન્ટ હતું અને ત્યાં જ કેક કટિંગ સેરેમની કરી પછી ડિનરનું અરેન્જમેન્ટ હતું. વીલામાં પાછા ફર્યા ત્યાં અમે ફરી મ્યુઝીક અને ડાન્સ કરી, ગેમ્સ બર્થડે મેમરેબલ બનાવી. એ આખી રાત અમે બધાએ ઘણી બધી વાતો કરી.

---

## દ્વારિકાનો નાથ મારો રાજા રણછોડ છે, એણે મને માયા લગાડી રે

# દ્વારકાધીશને ધ્વજા ચઢાવવાની સુરતી 'લાલા'ને માયા



શ્રીકૃષ્ણ ભગવાનના જગતમંદિર તરીકે વિશ્વભરમાં વિખ્યાત શ્રી દ્વારકાધીશ મંદિર કરોડો હિન્દુઓની આસ્થાનું પ્રતિક છે. તેમાં પણ મંદિરે ધજાજી ચઢાવવી એ હિન્દુ ધર્મમાં અતિ પુણ્યશાળી અને ધન્યતા અનુભવવાનું કાર્ય માનવામાં આવે છે. વિશ્વના તમામ મંદિરોમાં સૌથી મોટી 52 ગજની ધજાનું દિવસમાં પાંચવાર આરોહણ થાય છે. પરંપરાગત રીતે અબોટી બ્રાહ્મણો જાતે ૧૫૦ ફૂટ ઊંચા શિખર પર ચડીને આ ધજા બદલવાની સેવા કરે છે. દ્વારકાધીશના શિખર પર ધ્વજારોહણ કરવા માટે દેશ-વિદેશના ભાવિક ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળે છે અને તેમાં પણ સુરતીલાલાઓ માટે આ અવસર એક મોટો પ્રસંગ બની રહે છે. સુરતીઓ પોતાના પરિવાર, સંબંધીઓ, મિત્રોને સાથે લઈ જઈ નિયમાનુસાર વિધિ કરાવી વાજતે ગાજતે, જાણે જાન લઈ ગયા હોય તે રીતે ધામધૂમથી ધ્વજાજીની યાત્રા કાઢે છે, જોકે ધજા ચઢાવવાનો મોકો મળવો એ કોઈ સરળ વાત નથી, બુકિંગ માટે ઘણીવાર મહિનાઓ કે વર્ષો સુધી રાહ જોવી પડે છે. ડ્રો દ્વારા ધ્વજારોહણ નક્કી કરવામાં આવે છે, હાલમાં આગામી વર્ષ 2034 સુધીનું બુકિંગ ફુલ થઈ ગયું છે...

મજ્જેની LIFE

### રેશમના કાપડમાંથી બનતી 52 ગજની ધજા

પ્રાચીન સમયથી ધજા ચઢાવવાનું મહત્ત્વ છે. રેશમના કાપડમાંથી 52 ગજની ધજા મંદિર દ્વારા સ્થાનિક દરજી પરિવારો દ્વારા તૈયાર કરવામાં આવે છે. આ પવિત્ર ધજા બનાવવાનું કામ તેઓ પેઢી દર પેઢી સંભાળતા આવ્યાં છે. ધજાની વચ્ચે સૂર્યદેવ અને ચંદ્રદેવ હોય છે. કહેવાય છે કે જ્યાં સુધી સૂર્ય અને ચંદ્ર આકાશમાં રહેશે, ત્યાં સુધી દ્વારકાધીશનું આ ધામ અને સનાતન ધર્મ અખંડ રહેશે. પિતૃઓ માટે સફેદ ધજા ચઢે છે. માનતા માટેની ભગવા રંગની ધજા હોય છે, જ્યારે રાજીખુશીથી ચઢાવવામાં આવતી ધજા રંગબેરંગી બનાવવામાં આવે છે. આ વિશાળ ધજા દ્વારકામાં પ્રવેશ્યે તે પહેલાંથી જ દ્વારકાધીશનો સાક્ષાત્કાર થઈ જાય તેમ દેખાવા લાગે છે. 52 ગજની ધજા એ સમગ્ર બ્રહ્માંડ અને પ્રકૃતિ પર ભગવાન શ્રીકૃષ્ણની સર્વોપરીતાનું પ્રતિક છે.

### મહિનાઓ પહેલાંથી તૈયારી કરી દેવામાં આવે છે

જમનાદાસ ઘારીવાળા પરિવારના પ્રણવભાઈ જણાવે છે કે, અમારા પરિવારને 2020થી 2024ના પાંચ વર્ષ દ્વારકાધીશને ધજાજી ચઢાવવાનો અદભૂત અવસર પ્રાપ્ત થયો. પરિવાર, સગા-સંબંધી, મિત્રો સાથેનો આ અવસર બે દિવસ રોકાણ સાથે પરમ અનુભવનો બની રહ્યો હતો. પરિવારમાં લગ્ન પ્રસંગ હોય તે રીતેજ આ અવસર માટે પણ મહિનાઓ પહેલાંથી જ તૈયારીઓ શરૂ કરવી પડે છે. ધજા ચઢાવવાના પ્રસંગમાં દ્વારકાધીશ સિવાય મનમાં બીજું કંઈક આવતું જ ન હતું. માત્ર ભગવાન દ્વારકાધીશ માટેનો સમર્પણનો જ ભાવ બચે છે.

### લગ્ન સમાન ખર્ચ કરવામાં પણ ભક્તો અચકાતા નથી



સુરતના ભાવિકાબેન ધવલભાઈ શાહ જણાવે છે કે, મંદિરના શીખર પર ધ્વજારોહણ થઈ રહ્યું હતું ત્યારે ભગવાન પાસે પોતાની ઈચ્છા કહેવાનું ભુલાઈ જઈ બસ સૌ કોઈની આંખોમાંથી હર્ષના આંસુ છલકાઈ રહ્યા હતા. વાજતે ગાજતે અને ધામધૂમથી આ પ્રસંગ કરવામાં અંદાજે 6થી 8 લાખનો ખર્ચ થઈ જાય છે.



### સ્વર્ગસ્થ પત્નીની ઈચ્છા દ્વારકાધીશે સ્વીકારી

અડાજણ રહેતા મુકેશભાઈ સુખડિયાએ જણાવ્યું હતું કે, 2021માં ધજા ચઢાવવાનો અવસર બન્યો હતો પરંતુ તે સમયે કોરોના શરૂ થતાં પ્રસંગ મુલતવી રહી ગયો હતો, જે બાદ 2022માં મારા પત્ની જયનાબેનનું અવસાન થયું હતું, ધજા ચઢાવવાની તેની ઈચ્છા અધૂરી રહી ગઈ હતી. જ્યારે 2025માં ફરી ધજા ચઢાવવાનો અવસર મળ્યો ત્યારે પત્નીનો ફોટો સાથે રાખી પરિવાર, સંબંધીઓ સાથે વ્હાલા દ્વારકાધીશને ધજા ચઢાવી હતી.



### સુરતીઓમાં ધ્વજારોહણનું અનેરું ઘેલું છે

સુરતના અડાજણમાં રહેતા વિપુલ દૂધવાલાએ જણાવ્યું હતું કે હું છેલ્લા 18 વર્ષથી ધજા ચઢાવવા જાઉ છું. ધ્વજારોહણ માટે સુરતમાંથી અનેક પરિવારો પોતાના 100થી 150 સભ્યોને બસ અથવા તો ટ્રેન બુક કરાવી દ્વારકા લઈ જાય છે. સાથે સુરતથી રસોઈયા સહિતનું ગ્રુપ આવે છે. હોટલમાં કે સમાજની વાડીમાં રાત્રિ રોકાણ બાદ બીજા દિવસે નિયમાનુસાર સમાજ પ્રમાણેના બ્રાહ્મણો પાસે ધ્વજાની પૂજા કરાવ્યા બાદ પરિવાર અને આમંત્રિત મહેમાનો સાથે વાજતે-ગાજતે, બેન્ડબાજા સાથે ધ્વજાજીને માથા પર લઈ ધ્વજાયાત્રા કાઢવામાં આવે છે. ફરજિયાત નથી કે સમૂહ લઈ જઈને જ પ્રસંગ મનાવવો પડે છે, ઘણા પોતાના પરિવાર સાથે જઈ ધ્વજારોહાણ કરે છે, તેમાં પરિચિત ભક્તો પોતાના ખર્ચે પણ આ અવસરમાં સહભાગી બની ધન્યતા મેળવતા હોય છે.